જેલમાં રહેલ કેદીઓને મોકલવામાં આવતા
મનીઓર્ડર બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંકઃજલક/૨૫૨૦૦૪/૪૯૧૧/જ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 12 DEC 2012

સંદર્ભઃ
(૧) ગૃહ વિભાગના તા.૨૬/૦૪/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક:જલમ/૨૫૨૦૦૪/૪૯૧૧/જ
(૨) જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા.૧૩/૦૪/૨૦૧૨નો પત્ર ક્રમાંકઃ જ્યુડી-૧/૨૧૨૮/૨૦૧૨.
(૩) જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા.૦૧/૧૦/૨૦૧૨નો પત્ર ક્રમાંકઃ જ્યુડી/૧/૫૯૩૧/૨૦૧૨.

ઠરાવ:

રાજ્યની જેલોના કેદીઓને (૧) કેદી દીઠ માસિક મહત્તમ રૂ.૪૦૦/-ની રકમનો મનીઓર્ડર સ્વીકારવાની મર્યાદામાં વધારો કરી રૂ.૮૦૦/- ની રકમનો મનીઓર્ડર સ્વીકારવાની તેમજ (૨) કેદી દીઠ માસિક મહત્તમ રૂ.૪૦૦/- ની કેન્ટીન કુપન ઈસ્યુ કરવાની મર્યાદામાં વધારો કરી રૂ.૮૦૦/- કરવાનું વિભાગના આમુખ ક્રમાંક: (૧)થી નક્કી કરવામાં આવેલ છે. કેદીઓને મળતા ઉક્ત મનીઓર્ડર ફક્ત કેદીના નજીકના સગા સંબંધી દ્વારા જ મોકલી શકાય તે અંગેનો સુધારો કરવા અંગે જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રીએ આમુખ ક્રમાંક: (૨) મુજબના પત્રથી દરખાસ્ત કરેલ છે. પરંતુ રાજ્યની જેલોમાં કેદીઓને મોકલવામાં આવતા મનીઓર્ડર પૈકી ફક્ત કેદીના સગા- સંબંધીમાં કેદીના પત્ની અથવા પતિ, લોહીની સગાઈ ધરાવતા માતા-પિતા, સગાભાઈ, બહેન,પુત્ર અને પુત્રી દ્વારા મોકલવામાં આવતા મનીઓર્ડરને જ સ્વીકારવામાં આવે તે માટે આમુખ ક્રમાંક: (૩) મુજબના પત્રથી જણાવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રીની ઉક્ત દરખાસ્ત અંગે કાળજીપૂર્વકની વિચારણા કર્યા બાદ હવે રાજ્યની જેલોમાં શિસ્ત અને સલામતીના પરિપ્રેક્ષ્યમાં કેદીઓને મોકલવામાં આવતા મનીઓર્ડર પૈકી ફક્ત કેદીના પત્ની અથવા પતિ, લોહીની સગાઈ ધરાવતા માતા-પિતા, સગાભાઈ, બહેન, પુત્ર કે પુત્રી દ્વારા મોકલવામાં આવતા મનીઓર્ડરને જ સ્વીકારવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધીમંત એ.પટેલ)
ઉપસચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,
- માન.મંત્રીશ્રી(જેલ)ના અંગત સચિવશ્રી, ગૃહવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, અધિક્ષકશ્રી, ગૃહવિભાગ, સચિવાલય,ગાંધીનગર.

- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
- આચાર્યશ્રી,જેલ સ્ટાફ તાલીમ શાળા,અમદાવાદ.
- નાણાકીય સલાહકારશ્રી(ગૃહ), સચિવાલય, ગાંધીનગર.
- અધિક્ષકશ્રી,મધ્યસ્થ જેલ,અમદાવાદ/વડોદરા/રાજકોટ/લાજપોર(સુરત).
- અધિક્ષકશ્રી,ખાસ જેલ,પોરબંદર/પાલારા(ભુજ).
- અધિક્ષકશ્રી,જિલ્લા જેલ,ભાવનગર/જૂનાગઢ/જામનગર/નડિયાદ/મહેસાણા/પાલનપુર/અમરેલી
- અધિક્ષકશ્રી,સબ જેલ, નવસારી/ભરૂચ/છોટાઉદેપુર/ગોધરા/રાજપીપળા/સુરેન્દ્રનગર/ હિંમતનગર/ મોરબી/મોડાસા/ગોંડલ
- અધિક્ષકશ્રી, ઓપન જેલ, અમરેલી/અમદાવાદ
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ
- સિલેક્ટ ફાઇલ.